# સાહિત્ય અકાદમી અને લોકભારતી વિશ્વવિદ્યાલય સણોસરા દ્વારા આવતીકાલથી બેદીવસીય સાહિત્ય સંગોષ્ઠિનું આયોજન

## 'ભારતના સ્વાતંત્ર્ય આંદોલનમાં ગુજરાતી સાહિત્યની ભૂમિકા' પર શનિવાર તથા રવિવારે આયોજન

**સુપ્રભાત સૌરાષ્ટ્ર - ભાવનગર**

કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત સાહિત્ય અકાદમી અને લોકભારતી વિશ્વવિદ્યાલય સણોસરાના સંયુક્ત ઉપક્રમે આવતીકાલ અને રવિવાર એમ દ્વીદિવસીય 'ભારતના સ્વાતંત્ર્ય આંદોલનમાં ગુજરાતી સાહિત્યની ભૂમિકા' પર સાહિત્ય સંગોષ્ઠીમાં આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્ર સ્વતંત્રતા અમૃત મહોત્સવ સંદર્ભે લોકભારતી સણોસરા ખાતે યોજાનાર 'ભારતના સ્વાતંત્ર્ય આંદોલનમાં ગુજરાતી સાહિત્યની ભૂમિકા' પર સંગોષ્ઠિમાં સાહિત્ય ક્ષેત્રના મહાનુભાવો જોડાશે. પ્રથમ દિવસ શનિવાર તા.૬ સવારે ઉદઘાટન સત્રમાં ભદ્રાયુ વછરાજાની અધ્યક્ષીય વક્તવ્ય આપશે. આ સાથે મનસુખ સલ્લા, વિનોદ જોષી, ઓમપ્રકાશ નાગર સાથે વિશાલ ભાદાણી જોડાશે. પ્રથમ સત્રમાં સોનલ પરીખના અધ્યક્ષ સ્થાને ડંકેશ ઓઝા તથા મહેન્દ્રસિંહ પરમાર વક્તા તરીકે રહેશે. દ્વિતીય સત્રમાં યજ્ઞેશ દવેના અધ્યક્ષ સ્થાને દીપક રાવલ તથા ધ્વનિલ પારેખ વક્તા તરીકે રહેશે. તૃતિય સત્રમાં ભરત યાજ્ઞિકના અધ્યક્ષ સ્થાને રાજેશ્વરી પટેલ તથા શૈલેષ ટેવાની વક્તા રહેશે.

આ સંગોષ્ઠિના બીજા દિવસ રવિવાર તા.૭ સવારે ચતુર્થ સત્રમાં મણીલાલ પટેલના અધ્યક્ષ સ્થાને કેસર મકવાણા તથા નરેશ શુક્લ વક્તા રહેશે. પંચમ સત્રમાં કિરીટ દૂધાતના અધ્યક્ષ સ્થાને રાજેશ વણકર તથા અજય રાવલ વક્તા રહેશે. જ્યારે આભાર વિધિ દિનુભાઈ ચુડાસમા દ્વારા થશે. આ પ્રસંગે સાહિત્ય અકાદમીના પ્રકાશનોનું પ્રદર્શન અને વેચાણ માટેનું આયોજન પણ કરવામાં આવ્યું છે.